નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ગઝલ રૂપે જીવનની દર્દભાની લઇને આવ્યો છું
બધા સમજી શકે એવી કહાની લઇને આવ્યો છું.
કવન રૂપે જડીબુઢ્ઢી અમરતાની યે રાખું છું
નથી પાછી જવાની એ જવાની લઇને આવ્યો છું.

- શૂન્ય પાલનપુરી.

પાથેય

- રમેશ ઠક્કર

યુવા હવા..! ફુલ વીણ સખે..!

યુવાનો ! કામ કરવા લાગી જાઓ.ખરો સમય આ છે.તાજામાં તાજાં વણસ્પર્શ્યાં અને વણસુંઘ્યાં પુષ્પો જ ફકત પ્રભુને ચરણે અર્પણ કરી શકાય..અને પ્રભુ એવાં જ પુષ્પો સ્વીકારે.માટે આળસ ખંખેરીને ઉભા થાઓ,જીવન ટૂંકું છે..પણ આત્મા અમર અને અનંત છે..અને જો મૃત્યુ ચોકકસ જ છે તો આપણે એક મહાન આદર્શને સ્વીકારી લઇએ અને આપણું જીવતર એને અર્પણ કરી દઇએ..' આ શબ્દો છે સ્વામી વિવેકાનંદના..અને એ કહ્યા છે ભારતના યુવાનોને..ઇ.સ.૧૮૬૩ની ૧૨મી જાન્યુઆરી એ એમનો જન્મદિવસ. છ

જીવન ફકત ૩૯ વરસનું.નરેન્દ્રમાંથી નરોમાં ઉત્તમ એવા સ્વામી વિવેકાનંદ બન્યા..યુવાનો માટે તો પ્રેરણાના ધોધ સમાન છે..ભારતનો યુવાન કેવો હોઇ શકે ? પોતાની સંસ્કૃતિ,ભવ્ય ઇતિહાસ, અને ગૌરવશાળી પરંપરાઓનો એ કઇ રીતે વાહક બની શકે ? એ માટે એમણે અસંખ્ય પ્રવચનો આપ્યાં છે..ભગવાં કપડામાં સંપૂર્ણ આધ્યાત્મિક વ્યકિતત્વ.છતાં આધુનિક વિજ્ઞાન અને નિત્ય યુવા હવાના આવિષ્કાર સમાન, વિવેકાનંદ એક વિરલ પ્રતિભા છે. આજના દિવસને સહુ 'યુવા દિવસ' તરીકે મનાવી એમને યાદ કરે છે..એમની યુવા છબી જ જનમાનસમાં છવાયેલી છે..સ્વામીજીના વિચારોમાં ભારતના ભવ્ય વારસાની વિરાસત છે...સુરજનાં તાજાં કિરણો જેવા ઉઘાડ પામતા આકર્ષક અને તાજગીપ્રદ વિચારો છે..ક્રાંતિકારી જોશ છે. અને સંયમિત વિવેક પણ છે.આવો સુયોગ બહુ ઓછા આધ્યાત્મિક માણમાં જોવા મળે.

'ઓ..સિંહણ સપૂતો ઉઠો અને જાગૃત બનો..તમે એક મહાન રાષ્ટ્રનાં સંતાનો છો..હતાશાને ખંખેરી નાખો.મહાન ધ્યેય નક્કી કરો અને મંડી પડો..જયાં સુધી લક્ષ્યપ્રાપ્તિ ના થાય ત્યાં સુધી અવિરત મથતા રહો..'એમની વાણીનો આ જાદુ હતો...એ કહેતા ' કોઈ તમારી ટીકા કરે તો વિચલિત ના થાઓ..જૂઠાણાનો ઘણીવાર જયજયકાર થતો જોવા મળે છે..પણ યાદ રાખો.. સત્ય હંમેશાં સત્ય પૂરવાર થતું હોય છે.તમારી શકિતઓ ઉપર વિશ્વાસ રાખો.સિંહ બનો..સંજોગોની સામે ટક્કર ઝીલો. ઈશ્વર હંમેશાં તમારી સહાયમાં ઉભો હોય છે.' વિવેકાનંદ એવા સમયે આપણા દેશમાં જન્મ્યા જ્યારે આખો દેશ ગુલામીની લાંબી યાતનાઓ પછી બેહાલ હતો..ભારતના ભવ્ય ભૂતકાળને ભૂલી ગયો હતો..સાયન્સ અને નવી શોધો જાણવા કે એનો અમલ કરવા માટેની શકિત ગુમાવી બેઠો હતો..હતાશ અને પરાભવ અનુભવતા દેશબાંધવોની આળસ એમણે ખંખેરી નાખી..એક પ્રચંડ પુરુષાર્થ થકી એક દાયકા સુધી દેશ અને વિદેશોમાં ભ્રમણ કર્યું..સન્યાસ બનીને લોકોમાં નવી ચેતના પ્રગટાવી..અનેક યુવાનો માટે એ પથદર્શક બન્યા..ગાંધી, ગોખલે કે એ પછીના અનેક દેશભકતો એમના થકી પ્રેરણા પામ્યા..લોકો એમને 'ગાંધી પહેલાંના ગાંધી' પણ કહે છે ! ભારતના વાદળછાયા આકાશમાં ચમકતી આભા પ્રગટાવતો સૂરજ પણ કહે છે. એ દ્રઢપણે માનતા હતા કે મજબૂત દેહવાળો તંદુરસ્ત અને બુધ્ધિશાળી યુવક જ પરમાત્માને પામી શકે..ભારતને શકિતશાળી સ્વાવલંબી અને સમૃધ્ધ બનાનનવામાં બહાદુર બની ભૂમિકા નિભાવો..અને એ રીતે અભિનવ ભારતના નિર્માતા બનો..આપણી જડતાને ત્યાગી સમગ્ર દેશની એકતાનો સંકલ્પ સાકાર કરો..અને આ કામ ભારતના યુવાનો જ કરી શકશે એવી એમને શ્રધ્ધા હતી..

અત્યંત અલ્પ આયુમાં પણ અસાધારણ પ્રતિભાનાં દર્શન કરાવી..નૂતન ભારતના ઘડતરમાં સીમાચિહ્નરૂપ કામગીરી કરનાર સ્વામી વિવેકાનંદને એમના જન્મદિવસે યાદ કરી એમના વિચારોનો દેશના ઘડતર માટે અમલ કરવાની દિશામાં જો આપણે પ્રવૃત્ત થઈ શકીએ તો જ એ મહાન સંન્યાસીને આપણે સાચી અંજલિ આપી ગણાશે..સ્વામી વિવેકાનંદ જેવા સપુત સદીઓની તપસ્યા પછી સમાજમાં અવતરતા હોય છે. એમનો અવતાર જ દેશના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે થયેલો હોય છે..ભારત માતાના આ મહાન સપૂતના ચરણોમાં વંદન કરી આપણે પણ પાવન બનીએ,એવો આજની સવારે સંકલ્પ કરીએ..

'વડાપ્રધાનની સુરક્ષા' હવે ચૂંટણી મુદ્દામાં સામેલ

તંત્રીસ્થાનેથી...

સર્વોચ્ચ અદાલત વડાપ્રધાનની સુરક્ષા સંદર્ભે બહુ જ ચિંતામાં પડી ગઈ છે. પંજાબ સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા એ માટે નિમાયેલી સમિતિઓ રદ કરીને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિના નેતૃત્વ હેઠળ વડાપ્રધાનની સુરક્ષા મુદ્દે પંજાબની કોંગ્રેસ સરકાર દ્વારા થયેલ ચૂકની ઊંડાણપૂર્વક છાનબીન થશે. એ તપાસ સમિતિમાં 'આઈબી' અને 'એનઆઈએ'ના પ્રતિનિધિ પણ હશે. વડાપ્રધાન પોતે ઘણાં આંતકિત અને આશંક્તિ હતા તે એરપોર્ટ પર પહોંચ્યા પછી એમણે પંજાબ પોલીસના સિનિયર અધિકારીઓ સમક્ષ પ્રગટ કરેલ હૈયાવરાળથી સ્પષ્ટ થાય છે. પંજાબના મુખ્યમંત્રીએ દિલસોજી વ્યક્ત કર્યા છતાં સુરક્ષા મામલે કશી ચૂક નથી થઈ એવું વલણ અપનાવ્યું હતું. જો કે ગૃહખાતાએ તત્કાળ અસરથી વડાપ્રધાનની સુરક્ષાની જવાબદારી સુપેરે નહીં નિભાવવા બદલ પંજાબના પોલીસ વડાને હટાવી દેવાની ફરજ પાડી હતી. કોંગ્રેસ શાસિત રાજયમાં વડાપ્રધાનની સુરક્ષા સંદર્ભે પૂરી તકેદારી નહીં રાખવા બદલ સોનિયા અને પ્રિયંકા ગાંધીએ પણ મુખ્યમંત્રીને ઠપકો આપ્યો હશે - એમ માની શકાય... જોકે હકીકતમાં વડાપ્રધાન પર કોઈ હુમલો નથી થયો કે નથી થયો કોઈ સૂત્રોચ્ચાર. કહેવાતા ખેડૂતો રસ્તો રોકીને ઊભા હતા તે જ પંજાબ પોલીસ કે રાજય સરકારનો ગુણો કહો તો ગુનો. હવે એક નવું પરિણામ ઉમેરાયું છે અને તે છે અમેરિકામાં રહી 'શીખ ફોર જસ્ટિસ' સંસ્થા દ્વરા આ મુદ્દે લેવાયેલો 'જશ!' આ સંગઠન મૂળે ખાલિસ્તાનની માગણી સાથે સંકળાયેલ છે. એણે ખેડૂત આંદોલનને પણ પીઠબળ પૂરું પાડ્યું હોવાનું મનાય છે. સર્વોચ્ચ અદાલતના ઘણા બધા વકીલો પર ઉપરોક્ત સંગઠનના ફોન સંદેશ આવેલ હોઈ હવે આ આખી તપાસ આંતરરાષ્ટ્રીય સ્વરુપ ધારણ કરે તેવી શક્યતા નકારી શકાશે નહીં. દરમિયાન ઉત્તરપ્રદેશ અને પંજાબ જેવાં મહત્ત્વનાં રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. પંજાબમાં કોંગ્રેસ વિરુદ્ધ વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક જાણી જોઈને કરવાનો આક્ષેપ કરી ભાજપ અને એના નવા સહયોગી કેપ્ટન અમરિંદરસિંહ બહુ મોટો ઊહાપોહ ઊભો કરશે તે નક્કી જ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ નવજોત સિધ્ધુ ક્યારે કેવો બફાટ કરી બેશસે તે કહેવું અઘરું છે. ઉત્તરપ્રદેશમાં ભાજપ એટી ચોટીનું જોર લગાવી સત્તા કબજે કરવાનો પ્રયાસ કરશે. એ માટે ચૂંટણી પંચ દ્વારા કોરોના ગાઈડલાઈન જાહેર થાય તે પહેલાં જ મોટા ભાગનું પ્રચાર કાર્ય - રેલીઓ સંપન્ન થઈ ચૂકેલ છે. એ મુદ્દે કોઈ જ શંકા થઈ શકે એમ નથી કે ચૂંટણી પંચ હોય કે કહેવાતી અન્ય કોઈ કેન્દ્રીય આયોગ નામે ઓળખાતી સંસ્થા : આખરે એ બધી જ સરકારની જી હજૂરી માટે તૈયાર રહે છે. એમાં ક્યારેક શેષન જેવા અપવાદ આવી જાય પણ એ લાંબું ના ટકી શકે. કેન્દ્ર સરકાર માટે રાજયોની સત્તા કબજે કરવાનું પણ સહેપું એ કારણસર બની રહેતું હોય છે કે આખરે તો રાજયોને પણ કેન્દ્રની બજેટ ફાળવણીની ગરજ રહે છે. આથી દૂરદરાજના વૈચારિક ધરાવતા તમિલનાડુ જેવા રાજયમાં જયલલિતા જયરામે ભાજપ સાઠે સાંઠગાંઠ કરેલી હતી જે આજપર્યંત 'એઆઈડીએમકે' અને ભાજપના ગઠબંધન સ્વરુપે 'એનડીએ' માં સામેલ છે. ઉત્તરપૂર્વનાં ગૌમાંસભક્ષી રાજયોને હિંદુત્વ કરતાં વધુ જરૂર નાણાંની રેલંછેમ રહે તે મુદ્દે રહે છે. આથી એક પછી એક એ પહાડી રાજયો ભાજપની આણ સ્વીકારતાં ગયાં છે. ગોવાનું પમ એમ જ સમજવું. વડાપ્રધાનની સુરક્ષા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ જેવી લોખંડી વ્યવસ્થા ઊભી કરાયેલ છે. પંજાબ એપિસોડમાં કોંગ્રેસની રાજય સરકાર તથા પાર્ટીનો મુદ્દો પણ ધ્યાને લેવા જોવો છે. મોદીની રેલીમાં ધાર્યા કરતાં ખૂબ જ ઓછી સંખ્યામાં લોકો આવ્યા હતા અને એથી મોદી નિરાશ થઈ પાછા ફર્યા હોય એમ પણ બને.... પાછા ફરવા માટે એમને રસ્તામાં ભેગા થયેલા ખેડૂતોનું બહાનું ખપ લાગ્યું, એવી કોંગ્રેસના નેતાઓની દલીલ પણ સર્વોચ્ચ અદાલત દ્વારા ગઠિત તપાસ સમિતિ ધ્યાને લેશે એવી અપેક્ષા રાખી શકાય. રાજકારણનું સ્તર એટલું નીચે ઊતરી ગયું છે કે વડાપ્રધાન જેવી હસ્તી પણ શંકાના દાયરામાં આવી જાય છે. ચૂંટણી પંચ તો ઘણા લાંબા વખતથી શંકાના દાયરામાં રહેતું જ આવ્યું છે. એક તરફ ઓમિક્રોનનું આક્રમણ છે અને બીજી તરફ ચૂંટણી સંપન્ન કરવાની છે. ચૂંટણી લોકો દ્વારા પોતાના યોગ્ય પ્રતિનિધિઓને સત્તા સોંપવા માટે થતી હોય છે. જો કે હવે કેવા 'યોગ્ય' પ્રતિનિધિઓ પાર્ટી ટિકિટ આપતી હોયછે તે કોઈ થી અજાણ્યું નથી. જાતિગત સમીકરણો ઉપરાંત નાણાં અને 'મસલ પાવર' મહત્ત્વના મુદ્દા બની રહેતા હોઈ ભાગ્યે જ કોઈ શુદ્ધ-પ્રબુદ્ધ તજજ્ઞ ચૂંટણીના ચાળે ચડવાનું સાહસ કરશે.

આ કંઈ સાધારણ આંસુ ન હતા, પશ્ચાતાપના આંસુ હતા

નવાં કલેવર
નટવર હેડાઉ

શરદઋતુનો મહિનો અને સાંજનો સમય હતો. ચારે તરફ ધુમ્મસ છવાયેલું હતું. શેખર પોતાના ઘરના ઓરડામાં તાપણી કરી આગની સમીપે આરામદાયક ખુરશીમાં બેસી કપમાં રહેલી ગરમ ચ્હાની ચૂસ્કી લેતાં અગાઉ બની ગયેલ ઘટનાઓ અંગે વિચાર કરતો હતો. ત્યાં બારણે ડોરબેલ વાગી. તે જરા ચિડાઈને ખીજમાં ધુંધવાતો ઊભો થયો

બહાર સામે એક નવ યુવાનો ઊભો હતો. જેના હોઠ પર હળવું સ્મિત હતું.

યુવાને પૂછ્યું 'શું તમે આ સંસ્થાના પ્રબંધક રાજશેખર છે?'

'હા'

'સર, માટું નામ તેજસ છે. હું આપની સંસ્થામાં નોકરીની આશાએ આવ્યો છું. હું આપને ખાત્રી આપું છું કે સંપૂર્ણ નિષ્ઠાથી હું આપની સંસ્થાનાં કામ કરીશ.'

'સારું... પણ...'

'સર, મારી આ અભિલાષાની સાથે મારાં ઘરડાં મા-બાપની આશાઓ જોડાયેલી છે. કૃપા કરી એકવાર મને કામનો મોકો આપો.'

શેખરે પેલા યુવાનને ઉપરથી નીચે સુધી જોયો અને કહ્યું, 'તારું એ કામ નથી' અને દરવાજો બંધ કરી દીધો.

'કોણ જાણે કેવા કેવા લોકો સવાર સવારમાં આવી જાય છે.' તે મનમાં બબડ્યો.

તે ફરી આરામ ખુરશીમાં બેસી ગરમ ચ્હાનો સ્વાદ લેવા લાગ્યો. તે દરમિયાન તેને કોઈ અગત્યનું કામ યાદ આવ્યું. તેણે તરત પોતાનો ઓવરકોટ પહેર્યો અને પોતાની બ્રિફકેસમાં જરૂરી ફાઈલો મુકી નીકળી પડ્યો.

ચારેબાજુ સન્નાટો છવાયેલો હતો. બહાર ઠંડી પણ વધુ હતી. તેણે ઘડિયાળમાં સમય જોયો અને પછી આગળ વધ્યો. તે વખતે તેને કોઈના પગરવનો અવાજ સંભળાતા તેણે પાછા વળીને જોયું તો ત્રણ કાળા કોટ પહેરેલ અજાણ્યા વ્યક્તિઓને જોઈ તેનું માથું ફર્યું. તેણે પોતાની ચાલવાની ઘડપ વધારી દીધી. અચાનક પેલા ત્રણે વ્યક્તિઓએ તેની બ્રિફકેસ ખૂંચવી લેવાનો પ્રયાસ કર્યો. શેખર પોતાના બચાવ માટે આજુબાજુના લોકોને બુમો પાડી બોલાવવા લાગ્યો. તે વખતે એક યુવાન દોડતો આવ્યો. જયારે તેણ લૂંટનું આખું દેશ્યજોયું તો તેણે તરત પોતાના મોબાઈલથી પોલીસને જાણ કરી. પેલા યુવાનને જોઈ શેખરનું સાહસ અને હિંમત વધી ગઈ. બંને મળી પેલા બદમાશોને પડકારકામાં તેમણી મારામારી શરૂ થઈ ગઈ. તે દમરિયાન શેખરનો પગ લપસી પડ્યો અને તે કપાયેલા ઝાડની જેમ ઢળી પડ્યો. તે વખતે થોડીક મિનિટમાં પોલીસની બે ગાડીઓ ઘટના સ્થળે આવી પહોંચી અને ભાગતા બદમાશોને પકડવાની કોશિશ કરવા લાગી.

થોડીવાર બાદ જયારે શેખરને ભાન આવ્યું ત્યારે તે દવાખાનામાં હતો. તેણે વિસ્મયથી ડૉકટરને પૂછ્યું, 'હું અહીં કઈ રીતે....?'

ડૉકટરે સહેજ મલકીને કહ્યું, 'તમે રસ્તામાં બેભાન પડ્યા હતા. તમને લઈને એક વીસ બાવીસ વરસનો યુવાન આવેલો. હવે તમને બિલકુલ સારું છે.'

'પણ એ યુવાન કયાં છે ?' શેખરે ચિંતા ભર્યા સ્વરે પૂછ્યું.

ડૉકટર બોલ્યા, 'એ તો એકાદ કલાક પહેલાં જ રહ્યો છે. તમારી બ્રિફકેસ એ આપી ગયો છે.'

શેખર સમજી ગયો કે આજ પેલા યુવાન છોકરા તેજસે મારો જીવ બચાવી મને માનવતાનો પાઠ ભણાવ્યો છે. તે પોતાના વર્તનનો ખુબ પસ્તાવો થયો. તેણે આગ્ગ્લાનિ થઈ રહી હતી. તેની આંખમાં આંસુ આવી ગયા.

આ કંઈ સાધારણ આંસુ ન હતાં. પશ્ચાતાપના આંસુ હતા.

દિન મહિમા

- રાષ્ટ્રીય યુવા દિવસ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઊજવણી માટે દર વર્ષે ૧૨મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે. તેઓ એક આધ્યાત્મિક ચિંતક હતા જેઓ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં યુવાનોના મહત્ત્વ વિશે ખૂબ જ અવાજ ઊઠાવતા હતા.

આજનું

ઔષધ

- દરરોજ ૨૦૦, ૨૫૦ ગ્રામ કાચી કોબીજ ખાવાથી સંધિવા મટે છે

ખડખડાટ

- આજનું જ્ઞાન - આવી ઠંડીમાં કોઈ પણ વ્યક્તિ પર ઠંડુ પાણી નાખો તરત ગરમ થઈ જશે.

આજનો

વોટ્સએપ

- લીધેલી સેવા ક્યારેલ ભૂલવી નહીં અને કરેલી સેવા ક્યારેય પણ યાદ રાખવી નહીં.

સાહિત્યકૃતિ આધારિત સિનેમા : સફળ કે નિષ્ફળ

મન-રંજન
ધ્વનિલ પારેખ

ગુજરાતી સિનેમા સંદર્ભે વાત કરીએ તો હમણાં હમણાં દિગ્દરશકોનો ઝોક ગુજરાતી કથાસાહિત્ય તરફ વધારે જતું દેખાય છે. '૨૧મું ટિફિન' એનું તાજું ઉદાહરણ છે. જેના પરથી વિજયગિરિ બાવાએ ફિલ્મ બનાવી અનો એની ખાસ્સી ચર્ચા પણ થઈ. રામ મોરીની એ વાર્તા પરથી બનેલી ફિલ્મ. વિજયગિરિ બાવાએ રામ મોરીની 'મહોતું' વાર્તા પરથી શોર્ટ ફિલ્મ પણ બનાવી હતી. આમ તો રાષ્ટ્રીય સ્તરે બહુ ગાજેલી 'હેલ્લારો' પણ ગુજરાતાની લોકકથા પર આધારિત હતી, એવું કહે છે.

આણ જોવા જઈએ તો ભારતીય સિનેમા કે ગુજરાતી સિનેમાનો ઈતિહાસ તપાસવા જઈએ તો પ્રારંભિક ફિલ્મો પુરાણ આધારિત ફિલ્મો જ હતી. રામાયણ, મહાભારત કે ભાગવતના પ્રસંગો પર આધારિત ગુજરાતી ફિલ્મો પ્રારંભના તબક્કામાં જોવા મળે છે. મેઘાણી સંપાદિત ઘણી લોકકથાઓ પર આધારિત ફિલ્મો જોવા મળે છે. ચુનીલાલ મડિયાની 'કાદુ મકરાણી' ટૂંકી વાર્તા પરથી કેતન મહેતાએ 'મિર્ચ મસાલા' બનાવી. જો કે, એ હિંદીમાં બનાવી હતી. પણ ટૂંકી વાર્તા પરથી અસરકારક ફિલ્મ કેવી રીતે બનાવી શકાય એનું એ ઉત્તમ ઉદાહરણ હતું. આ જ કેતન મહેતાએ લોકકથાનો આધાર લઈ 'ભવની ભવાઈ' બનાવી હતી, ગુજરાતીમાં જે રાષ્ટ્રીય સ્તરે પણ પોંખાઈ હતી. 'સરસ્વતીચંદ્ર', 'પાટણની પ્રભુતા', 'પૃથિવીવલ્લભ', 'ઝેર તો પીધા છે જાણી જાણી' જેવી કેટલીયે સાહિત્યિક કૃતિઓ છે જેના પરથી ગુજરાતી ફિલ્મો બની હતી અનો ફરી એ દિશામાં ફિલ્મો બનાવવાનું શરૂ થયું હોય.

ઘણી હિન્દી ફિલ્મો પણ ગુજરાતી નાટકનો આધાર લઈને બની છે. 'આંખ, વકતા, મહારથી, ગાંધી માય ફાદર - આ હિન્દી ફિલ્મો સફળ ગુજરાતી નાટકો પર આધારિત હતી. સૌમ્ય જોશી લિખિત '૧૦૧ નોટ આઉટ' નાટક પરથી એ જ નામની ફિલ્મ અમિતાભ બચ્ચન આધારિત બની હતી. જો કે, નાટક જેટલું સફળ થયું હતું ફિલ્મ એટલી સફળ થઈ નહોતી. એમાં પણ અમિતાભ કરતાં ઋષિકપૂરની ભૂમિકા વધારે દમદાર લાગતી હતી.

ગુજરાતી ફિલ્મોમાં કેતન મહેતાના સહાયક રહી ચૂકેલા પરેશ નાયકે જયંત ખત્રીની 'ધાડ' વાર્તા પરથી એ જ નામની ફિલ્મ બનાવી હતી. કેટલાક કારણોસર એ ફિલ્મ સિનેમાઘર સુધી પહોંચતાં વર્ષો વીતી ગયા પણ આખરે 'ધાડ'ની ધાર સિનેમાઘર સુધી પહોંચી ખરી ! ધ્રુવ ભટ્ટની 'તાત્વમસિ' નવલકથા પરથી 'રેવાં' ફિલ્મ બની હતી જેની પણ ખાસ્સી ચર્ચા થઈ હતી. ફિલ્મની રીતે એ ઘણી નબળી છે, એવો ઘણા બધાનો અભિપ્રાય હતો. મુદ્દો એ છે કે સાહિત્ય કૃતિ આધારિત ફિલ્મોનું વલણ ગુજરાતીમાં ફરી શરૂ થયું છે. રાહ એટલી જોવાની કે એમાંથી સ્પર્શી જાય એવી કેટલી ફિલ્મો બનો છે ?

જે શોધવામાં જિંદગી આખી પસાર થાય ને એ જ હોય પગની તળે એમ પણ બને

એમ પણ બને...
પારૂલ અમિત

'લે હું મારા શહેરમાં ગૂમ થઈ, ઉગી નીકળું તારા શહેરમાં
નથી પારદર્શક હું, દર્પણ છું, નિહાળ મને તારી આંખોમાં'

જીવનના સમગ્ર દ્રશ્યને નિહાળતી એક ફ્લેસ બ્લેક ફિલ્મ ચાલે તો અનુભવની પીંછી વડે જિંદગીના કેનવાસ પર કેવાં કેવાં ચિત્રો ઉપસી આવે. ક્યાંક જિંદગી લહેરાતી હોય, શરમાતી હોય અને ગૂંગળાતી પણ હોય.

પણ જો એમ કહેવામાં આવે કે સપના અને આવનારા દિવસોને રંગીન કલર વડે જિંદગીના એ આવનારા કાળ ને કંડારી લો તમારા ટેરવાની પીંછી વડે અને બનાવી લો તમારો આગવો નકશો.

તો શું ઉપસી આવશે? ચિંતા, તણાવ અને ધિક્કાર માત્ર ખરું ને?

સ્માઈલીને તો કોઈ ભાગ્યે જ દોરી શકશે. કારણ આપણી આદત થઈ ગઈ છે, પ્રશ્નો અને પ્રોબ્લેમને આગળ ધરવાની. પણ જે ધાર્યું હોય એનાથી વિપરીત ઘટના બને એમ પણ બને જીવનમાં અને એ આપણા માટે યોગ્ય જ હોય.

આપણે હર પળ જે જીવી રહ્યા છીએ એનું નામ જિંદગી. તો શા માટે કોઈ ભવિષ્યની ધારણા અને ભૂતકાળ ના અનુભવને વાગોળીને આજને આપણે વેડફી દઈએ છીએ. આપણા માંગ્યા મુજબ મળશે તો હું સુખી અને આમ બનશે તો જ શાંતિ શા માટે? મિત્રો, એક વાત યાદ રાખવી, જો બધી સારી જ ઘટના ને જિંદગી કહેવાય તો શ્રી રામ અને શ્રી કૃષ્ણના જીવનની ઘટનાઓ આટલી કરુણ હોત ખરી?

ચાલો પૂછીએ પ્રશ્ન કે જિંદગી આખરે શું છે? તો જવાબ આવશે... બેધડક પણે કે. જીવન સંઘર્ષ છે.

શા માટે એને સંઘર્ષમય બનાવીએ છીએ આપણે? આપણે જે ધારીએ એ મુજબ થાય એમ પણ બને ખરું? ના જો એમ હોત તો સવારે રાજ્યાભિષેક હોય અને રાજ ગાદીના બદલે વનવાસ મળે એમ પણ બને? ને. અને જો આમ ના થાત તો રામ, શ્રી રામ તરીકે આપણને મળતા ખરાં?

જો પરિસ્થિત આપણા હાથમાં જ નથી તો ચિંતા શેની? કોણ કહે છે? જીવન બહુ અઘરું છે, જીવન બહુ કપરું છે, જીવન અટપટું છે. કોઈપણ ધર્મના પુસ્તક વાંચ્યા પછી એકપણ પેરેગ્રાફ બતાવો

જ્યાં જિંદગી વિશે લખ્યું હોય' સાલું આ તો કંઈ જીવન છે. જિંદગી ઉમકળા ભરી જ છે.. બસ સ્વીકારી લઈએ કે હા જીવન છે, એકાદ ઘટના આપણા ધાર્યા કરતાં વિપરીત ઘટે એમ પણ બને...

ચાલો શીખીએ આજ થી કે કોઈ પૂછે કેમ છે તો બોલી ઉઠીએ. જીવન મસ્ત છે, જલસા છે.. અરે વટ છે, મોત કાલે આવતું હોય તો આજે આવે પણ એ આવે એટલા જ જલસાથી.

સતત આપણું સ્ટેટ્સ અને પર્સનાલિટી સાબિત કરવાની મથામણમાં પડ્યા કરતાં જીવન ની એ દરેક ઘટનાને સ્વીકારીને જીવી લઈએ. આપણે પ્રવાસ કરવાનો આ પૃથ્વી ગ્રહ પર. અને પ્રવાસ રોમાંચક નહીં તો સફરની મજા આવે ખરી?

એ ઢોળાવ, ઢાળ, ખરબચડા રસ્તા, નદી નાળા અને ક્યારેક સપાટ તો વાંકાચૂકા રસ્તામાં પ્રવાસની મજા કંઈક ઓર છે.

મિત્રો આવું ઘણી વાર આપણી સાથે બનતું હોય છે,આપણે જેના માટે દોડભાગ કરતાં હોઈએ એનાં કરતાં હાલની પરિસ્થિત આનંદ દાયક હય છે. પરિસ્થિતિ મુજબ આપણા મનની પ્રતિક્રિયા, આપણા હાવભાવ બદલાઈ જતાં હોય છે. અને દરેક પરસ્થિતિ આપણા માટે વિપરીત અસર આપે એવું હોતું નથી.

નિરવતા શૂન્યતા વિશાળ બંગલામાં પણ હોય છે અને ક્યાંક ઘોંઘાટ પણ. પરંતુ ક્યાંક નિરવતા સંબધો બગાડે છે તો ક્યાંક ઘોંઘાટ પણ.

આપણું જીવન અનિશ્ચિત છે, માત્ર આપણું જ નહીં ફુલ છોડ નું પણ એવું જ છે, ઉગનારા ફૂલો નથી જાણતા કે કોઈક પ્રેમીની હથેળીમાં હશે કે કોઈકની કબર પર. આખી જિંદગી આપણે માત્ર સુખ શોધીએ છીએ. અને વર્તમાનમાં મળતી એક એક પળને અતીતમાં જે ઘટ્યું એની પાછળ ગુમાવી દુઃખી થતા રહીએ છીએ. દરેક માણસ વગર વાતે બસ દુઃખી થતો રહે છે, અને સુખની શોધમાં ભટકતો રહે છે. કેવી વ્યથા માનવ જીવનની કે માનવી સંતોષ અનુભવી જ ના શકે. બસ અઘટીત ઘટનાઓ ભવિષ્યની અને અતીતની ઘેરીને ફરતો રહે માણસ, અને આજ ને ગુમાવ્યા કરે. સતત એક અજંપો તેની આસપાસ જ હોય, સુખ મેળવવાનો. કેટલું અજીબ છે નહીં..!! સુખની પળો ને શોધવી પડે.

આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે, અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ.

એક ઉણપ કંઈક ના મળવાની એક સપનું જે પૂરું ના થયું હોય એમાં મનને રોજ કોતર્યા કરે, શું ફર્ક પડે જો એકાદ સપનું એકાદ વિચાર આપણા ધાર્યા કરતાં ઊંધો થયો તો. કુદરતે કંઈક સારુ વિચાર્યું જ હશે.

વધારે પડતા અસંતોષ જીવના થઈ જીવનને માણવાનું ભુલી જાય છે માણસો.

જિંદગી આપણી સાથે સતત સુવર્ણમૃગ જેવા દાવ રમે છે, ક્યારેક બધું જ મળી ગયાનો અહેસાસ હોય છે, તો ક્યારેક સાવ ખાલીપણાનો આભાસ હોય છે. આપણે આજકાલ સ્માર્ટ વોચ પહેરીએ છીએ જે આપણને સમયની સાથે રસ્તો બતાવે છે, આપણે કેટલું ચાલ્યાં, કેટલું દોડ્યાં એ દરેક સ્ટેપ ગણીને બતાવે છે. પણ કેટલું હસ્યાં કેટલું જીવ્યાં આનંદિત થઈએ તો આપણી આંખો અને સ્માઈલ જ કાઉન્ટ કરી શકે. જીવનની ખુશીઓ આપણા કાંડા અને હથેળી જેટલી જ છેટી છે. એમ પણ બને કે, એ આપણા ટેરવે જ હોય બસ આછેરો સ્પર્શ અનુભવવાની જ વાર હોય. ને શ્રી મનોજ ખંડેરિયા સાહેબ કહે છે કે

''જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને''.... ચાલો કહીએ....love u. જિંદગી. Live with no excuse.

- Parulpankhudi2@gmail.com